અપીલ અરજી નં.૧૨૩/૦૮–૦૯ તા. ૧૧–૮–૦૮

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ શાસનાધિકાર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન

## હુકમ:–

***વિષય:***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલીની તા.૨૩–૫–૦૮ ની અરજીથી (૧) ૧૯ શાળાઓ હાલમાં કઈ જગ્યાએ ચલાવવામાં આવે છે (તા.મહી.વર્ષ.) કયારથી?(૨) શાળાઓ બીજે ખસેડયા પછી ત્યાં કઈ પ્રવૃતિઓ કોના કોના (સંસ્થા,પેઢી કે સ્વયં, ન.પ્રા.શિ.) ધ્વારા ચલાવવામાં આવેલ હતી/છે.(૩) તેમની જોડે કરેલા ભાડા કરાર,સંમતિપત્ર,બાંહેધરીપત્ર,દરખાસ્ત,ભાડા રસીદ વિગેરેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૧–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૩/૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલીની તા.૨૩–૫–૦૮ ની અરજીથી (૧) ૧૯ શાળાઓ હાલમાં કઈ જગ્યાએ ચલાવવામાં આવે છે (તા.મહી.વર્ષ.) કયારથી?(૨) શાળાઓ બીજે ખસેડયા પછી ત્યાં કઈ પ્રવૃતિઓ કોના કોના (સંસ્થા,પેઢી કે સ્વયં, ન.પ્રા.શિ.) ધ્વારા ચલાવવામાં આવેલ હતી/છે.(૩) તેમની જોડે કરેલા ભાડા કરાર,સંમતિપત્ર,બાંહેધરીપત્ર,દરખાસ્ત,ભાડા રસીદ વિગેરેની માહિતી આપવા બાબતે અધૂરી, અપુરતી અને કેટલીક માહિતી નકારેલ છે તેવા પ્રતિસાદથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને જો થયેલ હોય તો મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર કે વિલંબ/વિસંગતતા હોય તો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૬ તા.૧૮–૮–૦૮ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી બંન્ને પક્ષકારો તરફથી મુળ અરજી કે અપીલ અંગેના કોઈ વાજબીપણા અને કોઈ માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ નથી.

ઉપરોકત વિગતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૦ તા.૧૦–૯–૦૮ થી મુળ અરજી સહિતના અપીલ અંગેના કાગળો બાબતે બંન્ને પક્ષકારોને પુનઃ જણાવવામાં આવેલ. જેમાં અરજદારને મુળ અરજી સહિત માહિતી પૂરી પાડવા જણાવેલ. માહિતી ન મળ્યેથી અરજી દફતરે કરવામાં આવશે તેવું પણ સૂચિત કરેલ તેમ છતાં મુળ અરજી તથા માહિતી રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારીને પણ અપીલ અરજી અંગે પુનઃ જણાવવા છતાં અપીલ અંગે એક તરફી નિર્ણય કરવામાં આવશે તેવું જણાવવા છતાં મુળ અરજી સહિત માહિતી મોકલાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૮–૦૮ની અપીલ અરજીમાં તા.૨૩–૫–૦૮ ની મુળ અરજી તથા મળેલ જવાબ બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૬ થી તા.૧૮–૮–૦૮ થી માંગેલ વિગતો માહિતી ન મળતા પુનઃ નં.આરટીઆઈ સેલ/૫૨૦ તા.૧૦–૯–૦૮ થી અરજદારને સૂચિત કરી મુળ અરજી સહિત અપીલના આધારો અને વિલંબિત અપીલનું વાજબીપણું રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી. જેથી અરજદાર અપીલના તબકકે માહિતી મેળવવા ઈચ્છુક ન હોવાનું સ્પષ્ટ થાય છે તેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને બે વાર તાકીદ કરવા છતાં પુર્વસંદર્ભ સહ વિગતો અત્રે મોકલેલ નથી. તે અત્રેના કચેરીને દિન–૭ માં મોકલી આપવા તાકીદ કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી, ,...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૈયદ સાબીર અલી,